નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળના સંવર્ગોમાં સીધી ભરતીથી નિમણૂંક કરી ભરવાની થતી જગ્યાઓમાં દિવ્યાંગ ઉમેદવારો માટે ૪ ટકા જગ્યાઓ અનામત રાખવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:મકમ/૧૧૨૦૧૪/૩૬૨૩૦/અ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮/૦૪/૨૦૨૨.

<u>વંચાણે લીધા:</u>

1. આ વિભાગનો તા:૨૭/૦૧/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ
2. સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૭/૦૯/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ.૨
3. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૦૭/૦૧/૨૦૨૨નો પત્ર ક્રમાંક:વિજાક/મકમ/૨૧/૨૦૨૧-૨૨/૭૨.
4. આ વિભાગનો તા:૧૮/૦૮/૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક:અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૪).
5. તજજ્ઞ સમિતિની તા:૦૯/૦૩/૨૦૨૨ની કાર્યવાહી નોંધ.
6. દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, સમાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ભારત સરકારના તા:૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક: 38-16/2020-DD-III.

<u>આમુખ:</u>

વંચાણે લીધેલ ક્રમ-૧ પરના આ વિભાગના તા:૨૭/૦૧/૨૦૧૪ના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ ખાતાની જગ્યાઓમાં સીધી ભરતીમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે કેટેગરી વાઇઝ ત્રણ (૦૩) ટકા અનામત નિયત કરવામાં આવેલ હતી.

The Rights of Persons with Disabilities Act, 2016ની કલમ-33 મુજબ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વંચાણે લીધેલ ક્રમ-૨ પરના તા.૧૭/૦૯/૨૦૨૧ના ઠરાવથી સીધી ભરતીના કિસ્સામાં દિવ્યાંગજનો માટે રાજ્ય સરકારની સેવાઓ/જગાઓમાં ચાર(૦૪) ટકા અનામત રાખવા અંગેની સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ-૪ પરના આ વિભાગના તા:૧૮/૦૮/૨૦૨૧ના પરિપત્રથી ભારત સરકારે નક્કી કરેલ દિવ્યાંગતામાંથી મુક્તિ મેળવવા અથવા દિવ્યાંગતાની કેટેગરી અલગ રીતે નક્કી કરવા તજજ્ઞ સમિતિમાં દરખાસ્ત રજૂ કરવા સુચવેલ છે. જે અન્વયે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમ-3 પરના તા:૦૭/૦૧/૨૦૨૨ના પત્રથી તેમના હસ્તકના સંવર્ગોમાં સીધી ભરતીના કિસ્સામાં 4% મુજબ દિવ્યાંગતા નક્કી કરવા મોકલી આપેલ દરખાસ્ત, તજજ્ઞ સમિતિમાં રજુ કરતાં, તજજ્ઞ સમિતીની તા:૦૭/03/૨૦૨૨ના રોજ મળેલ બેઠકની વંચાણે લીધેલ ક્રમ-૫ પરની કાર્યવાહી નોંધથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરની દિવ્યાંગતાના પ્રકાર પૈકી અમુક દિવ્યાંગતાના પ્રકારને મુક્તિ આપવાની દરખાસ્તનો તજજ્ઞ સમિતિ દ્વારા અસ્વીકાર કરી ભારત સરકાર દ્વારા માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ હોય, તે અન્વયે દિવ્યાંગતા નિયત કરવાની બાબત સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે, આ વિભાગના તા:૨૭/૦૧/૨૦૧૪ના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર હસ્તકના સંવર્ગોમાં સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓ માટે નિયત કરવામાં આવેલ કેટેગરી વાઈઝ અનામત આથી રદ કરવામાં આવે છે તેમજ The Rights of Persons with Disabilities Act, 2016 મુજબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર હસ્તકના સંવર્ગોમાં સીધી ભરતીના કિસ્સામાં દિવ્યાંગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા માન્ય રાખેલ નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ ચાર (૦૪) ટકા અનામત રાખવાનું આથી ઠરાવવામાં આવે છે:-

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | દિવ્યાંગતાનો પ્રકાર/કેટેગરી/ટકાવારી | | | |
|---|---|---|---|---|---|---|
| | | | A<br>1% | B<br>1% | C<br>1% | D&E<br>1% |
| ૧ | નાયબ નિયામક | ૧ | B,LV | D, HH | OA, OL,BL,OAL, LC, CP, Dw, AAV | MI(40-70)%, MD(40-70)%, |
| ૨ | સમાજ કલ્યાણ અધિકારી | ૨ | B,LV | HH (40-70)% | OA, BA, OL,LC, CP, Dw, AAV | SLD, MI(40-70)%, MD(40-70)%, |
| ૩ | આચાર્ય | ૨ | B,LV | D, HH | OA, BA, OL, BL, LC, Dw, AAV | SLD , MI(40-70)%, MD(40-70)%, |
| ૪ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | 3 | B,LV | D, HH | OA, BA, OL, BL, LC, Dw, AAV | SLD, MI(40-70)%, MD(40-70)%, |
| ૫ | સમાજ કલ્યાણ નિરીક્ષક | 3 | B,LV | HH (40-70)% | OA, BA, OL,OAL,CP, LC, Dw, AAV | SLD, MI(40-70)%, MD(40-70)%, |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૬ | સીનીયર ક્લાર્ક | 3 | B,LV | D, HH | OA, BA, OL,BL, OAL, CP, LC, Dw, AAV | ASD (M), SLD, MI(40-70)%, MD(40-70)%, |
| ૭ | જુનીયર ક્લાર્ક | 3 | B,LV | D, HH | OA, BA, OL,BL, OAL, CP, LC, Dw, AAV, MDy | ASD (M), SLD, MI(40-70)%, MD(40-70)%, |
| ૮ | શિવણસંચાલિકા | 3 | B,LV | D, HH | OL, BL, CP, Dw, AAV, | ASD (M), ID, SLD, MI(40-70)%, MD(40-70)%, |

<u>Code and functional classification</u>:- Blind (B), Low vision (LV)(40-70)%, Deaf (D), [Hard of hearing(HH)(40-70)%], [Locomotor disability (LD):- OA(one arm), OL(one leg), BA(both arm), BH(both hands), OAL(one arm one leg) , BLA(both legs and arms) , BLOA( both legs one arm), OABL(one arm both legs), BAOL(both arms one leg), BABL(both arms both leg), OAOL(one arm one leg) ], Cerebral palsy (CP), Leprosy cured (LC), Dwarfism (Dw), Acid attack victim(AAV), Muscular dystrophy (MDy), Intellectual disability(ID),Specific learning disability (SLD),Mental illness (MI), [Autism Spectrum Disorder (ASD) M-Mild, MoD-Moderate], [Multiple Disabilities (MD) :-Disabilities included in group (A) to (D) )(40-70)%].

૨. આ જગ્યાઓમાં ઉપરોક્ત કેટેગરીની દિવ્યાંગ વ્યક્તિઓ એક ભરતી પ્રસંગે ઉપલબ્ધ ન થાય તો તેવી અનામત જગ્યાઓ સરકારશ્રીના પ્રવર્તમાન હુકમો/નિયમો ધ્યાને લઇ આગળની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૩. આ ઠરાવ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે તા.૦૭/૦૩/૨૦૨૨ના રોજ મળેલ તજજ્ઞ સમિતીની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેક્શન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:</u>

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.શ.પ. વર્ગોનું કલ્યાણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર

- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી, અ.જા.ક. પ્રભાગ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી, સમાજ સુરક્ષા પ્રભાગ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી (જ-શાખા), સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. /- સદરહુ ઠરાવને વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- સિલેક્ટ ફાઈલ